## સાતમું નોરતુ
### કલ્ચરલ ફોરમના ગરબામાં આજના વિજેતાઓ

| કેટેગરી | વિજેતા ખેલૈયા |
|---|---|
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - બોયઝ | પ્રાન્શુ શાહ - વિનર |
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - બોયઝ | જૈનમ રાવલ - રનર્સઅપ |
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - ગર્લ્સ | ધ્રુવી પટેલ - વિનર |
| બેસ્ટ ચાઈલ્ડ (૭ વર્ષ સુધીના) - ગર્લ્સ | ફિશા પરમાર - રનર્સ અપ |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) બોયઝ | રમ્ય વાઘાણી - વિનર |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) બોયઝ | ઉત્સવ ચાવડા- રનર્સ અપ |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) - ગર્લ્સ | સ્તુતિ ઓઝા - વિનર |
| બેસ્ટ કીડ (૭ થી ૧૨ વર્ષ) - ગર્લ્સ | સાક્ષી ઠક્કર - રનર્સ અપ |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - બોયઝ | રાજ ભાવસાર - વિનર |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - બોયઝ | વૈભવ વ્યાસ - રનર્સ અપ |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - ગર્લ્સ | અંજલિ તન્ના - વિનર |
| બેસ્ટ ટીનેજર (૧૩ થી ૧૭ વર્ષ) - ગર્લ્સ | જ્હાનવી રાઓલ - રનર્સ |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સ | સત્યમ્ બારોટ - વિનર |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સ | મિલન પટેલ - રનર્સ અપ |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ | પલક પટેલ - વિનર |
| બેસ્ટ ડ્રેસ પ્રિન્સેસ | દિવ્યા પંડ્યા - રનર્સ અપ |
| બેસ્ટ કિંગ (૪૦ વર્ષથી ઉપરના) | પ્રદીપ જી. શાહ - વિનર |
| બેસ્ટ કિંગ (૪૦ વર્ષથી ઉપરના) | પ્રદિપ દવે - રનર્સઅપ |
| બેસ્ટ ક્વીન (૪૦ વર્ષથી ઉપરના) | નિશા ભાવસાર - વિનર |
| બેસ્ટ ક્વીન (૪૦ વર્ષથી ઉપરના) | શોભા શાહ - રનર્સ અપ |
| બેસ્ટ પેર | પ્રાચી રામી એન્ડ ભવ્યા ભટ્ટ - વિનર |
| બેસ્ટ પેર | દિપક પાર્કર એન્ડ હલ્દી પાર્કર - રનર્સ |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સ | મિહીર જોષી - વિનર |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સ | ગુંજન પટેલ - રનર્સ અપ |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સેસ | શિક્ષા ઠાકર - વિનર |
| બેસ્ટ પરફોર્મન્સ-પ્રિન્સેસ | રાધિકા મોરલ - રનર્સ અપ |



**લાયન્સ નોરતાની મહાઆરતીમાં ત્રિશુળની પ્રતિકૃતિ બનાવાઈ**

ગાંધીનગરના સેક્ટર-૧૧માં લાયન્સ ક્લબ દ્વારા આયોજિત ગરબામાં આજે હવનાષ્ટમી નિમિત્તે મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મહાઆરતી દરમિયાન અસંખ્ય દિવડાઓ દ્વારા મા આદ્યશક્તિ જગદંબાના ત્રિશૂળની પ્રતિકૃતિ તૈયાર કરવામાં આવી હતી. આ આરતી દરમિયાન ખૂબ જ અલૌકિક વાતાવરણ સર્જાયું હતું અને હાજર તમામ ખેલૈયાઓએ અને પ્રેક્ષકોએ ભાવવિભોર થઈને જગદંબાની આરતી ઉતારી હતી.

## આવતીકાલે સે. ૧૬માં બ્રહ્મભવન ખાતે નિઃશુલ્ક રોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરની યુનાઈટેડ ચેરિટેબલ ટ્રસ્ટ સંચાલિત ફિઝીયોથેરાપી સેન્ટર દ્વારા તા. ૫મી ઓક્ટોબર રવિવારે સવારે ૯ થી ૧૨ વાગ્યા દરમિયાન નિઃશુલ્ક રોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ સેક્ટર-૧૬ ખાતે આવેલ બ્રહ્મભવનમાં યોજવામાં આવ્યો છે.

આ નિદાન કેમ્પમાં ફિઝીયોથેરાપી ઉપરાંત ડેન્ટલ, આયુર્વેદિક, નેચરોથેરાપી, હોમિયોપેથી અને આંખોની તપાસ વગેરે જેવી સેવાઓ નિષ્ણાંત ડૉક્ટર્સ દ્વારા આપવામાં આવશે. આ કેમ્પનું સ્થળ સે. ૧૬ના રંગમંચની પાસે વિદ્યા લાયબ્રેરીની પાછળ આવેલ બ્રહ્મભવન ખાતે રાખવામાં આવેલ છે.

# દશેરા નિમિત્તે નગરજનોએ મનમુકીને ફાફડા-જલેબી ઝાપટ્યા

### આ વર્ષે ફાફડા-જલેબી-ચોળાફળીમાં ૧૦ ટકા ભાવવધારો નોંધાયો : ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટરોમાં ઘરાકી ઓછી જણાઈ : સેક્ટરોના નાના શોપીંગમાં ફાફડા-જલેબી ખરીદવા લાઈનો લાગી

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરમાં આજે વિજયાદશમીનો તહેવાર ભારે હર્ષોલ્લાસથી મનાવાયો હતો. દશેરાના આ પાવન પર્વે નગરજનોએ ભક્તિભાવ સાથે રાવણદહન પણ કર્યું હતું અને અનેક શ્રદ્ધાળુઓએ શસ્ત્ર પૂજા પણ કરી હતી. આજે ગાંધીનગરાઓએ મનભરીને ફાફડા-જલેબી-ચોળાફળીનો આસ્વાદ પણ માણ્યો હતો.

ગુજરાતમાં દરેક તહેવાર સાથે કોઈને કોઈ વાનગી જોડાઈ ગઈ છે જેમ કે ઉત્તારાયણે ઉંધીયુ અને દશેરાએ ફાફડા-જલેબી. આજે ગાંધીનગરમાં નગરજનોએ વહેલી સવારથી જ ફાફડા-જલેબી અને ચોળાફળી ખરીદવા ફરસાણની દુકાનો પર લાંબી લચક લાઈનો લગાવી દીધી હતી. નગરમાં આજે અનેક દુકાનદારો દ્વારા તેમની દુકાન આગળ ટેન્ટ બાંધીને દશેરા નિમિત્તે ગ્રાહકોને આકર્ષવા અને ઘસારાને પહોંચી વળવા વિશેષ વ્યવસ્થા કરી હતી. આ વર્ષે પણ દશેરાના તહેવાર પર ફાફડા-જલેબીના ભાવોને મોંઘવારીનો રાવણ નડ્યો હતો. આમ છતાં નગરજનોએ ભરપેટ ફાફડા જલેબી અને ચોળાફળી સાથે અનેક વાનગીઓ ઝાપટીને આ રાવળનો વધ કર્યો હતો. આ વર્ષે ફાફડા લગભગ ૨૬૦થી ૩૨૦ રૂપિયાના ભાવ હતા. જ્યારે તેલમાં બનાવેલી જલેબી ૧૪૦ થી ૧૮૦ રૂપિયા અને ઘીમાં બનાવેલી જલેબી ૩૬૦ થી ૩૮૦ રૂપિયા સુધીના ભાવે વેચાતી હતી. ચોળાફળીના ભાવો પણ લગભગ ૨૬૦ થી ૩૩૦ રૂપિયા સુધીના નોંધાયા હતા. આમ આ વર્ષે આ ફરસાણોના ભાવમાં ૧૦ ટકાથી વધુનો ભાવ વધારો નોંધાયો હતો.

ગાંધીનગરના જિલ્લા શોપીંગ સેન્ટરમાં આ વર્ષે મોંઘવારીની અસર તળે ફાફડા-જલેબીના કાઉન્ટરો પર ગત વર્ષ કરતા ઓછી ઘરાકી જોવા મળી હતી પરંતુ સેક્ટરોના નાના શોપીંગ સેન્ટરોમાં આ ઘરાકી સારી એવી જોવા મળી હતી. કેટલીક પ્રખ્યાત ફરસાણની દુકાનો પર ગ્રાહકોએ રીતસર લાઈનોમાં ઉભા રહેવું પડ્યું હતું.



(તસવીર : કશ્યપ નિમાવત)

# બલરામ પરિસરમાં વિકલાંગ બાળકો માટે વિશિષ્ટ ગરબા યોજાયા

### લગભગ ૨૦૦ થી વધુ વિકલાંગ બાળકોએ સામાન્ય માણસો સાથે ગરબાનો લ્હાવો લીધો : આ બાળકોને સમાજની મુખ્ય ધારામાં જોડવાનો અનોખો પ્રયાસ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના સે. ૧૨માં આવેલ બલરામ મંદિર પરિસરમાં તા. ૩૦મી સપ્ટેમ્બરે ગ્રો ફાઉન્ડેશન અને સાધના સંસ્થા દ્વારા બાળુડાના ગરબા-૨૦૧૪ નામનો વિશિષ્ઠ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં માનસિક અને શારિરીક રીતે વિશિષ્ઠ બાળકો માટે ગરબા યોજવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમના આયોજનનો મુખ્ય ઉદ્દેશ અને તેમના વિકાસ માટેનો હતો. આ ઉપરાંત આ બાળકોને નવરાત્રી પર્વ નિમિત્તે માતાજીના ગરબાનો આનંદ અપાવવા પણ આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં માનસિક ક્ષતિગ્રસ્ત, અંધ, બહેરા-મુંગા હોય તેવા ૨૦૦ થી વધુ બાળકોએ અન્ય એટલા જ સમાજના સામાન્ય માનવીઓ સાથે ગરબાનો આનંદ માણ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા ગાંધીનગરની દસેક જેટલી સંસ્થાઓએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમ પત્યા બાદ આ બાળકોને સમદર્શન આશ્રમ દ્વારા ભોજન કરાવી તૃપ્ત કરાયા હતા.



સ્વામિનારાયણ મંદિર સે. ૨૩ દ્વારા પૂ. શાસ્ત્રી હરિકેશવદાસજીની પ્રેરણાથી સ્વચ્છતા અભિયાનમાં મંદિરના પચાસ જેટલા યુવાનો, સંતો, તેમજ કોર્પોરેટ જીગાબાપુએ સાથે મળી જાહેર રસ્તાઓને સાફ કરીને સુંદર પ્રેરણા પુરી પાડી હતી. (તસવીર : ભાવિન પટેલ)

## આવતીકાલે સે. ૭માં સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ મિત્ર મંડળના રાસ-ગરબા યોજાશે

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગરના સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ મિત્ર મંડળ દ્વારા તા. ૫મી સપ્ટેમ્બર રવિવારે સાંજે ૮ વાગે રાસ-ગરબા મહોત્સવ-૨૦૧૪નું આયોજન કરવામાં આવ્યું છે. આ રાસ-ગરબા મહોત્સવ સે. ૭ ખાતે આવેલ સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સેવા સમાજ ખાતે યોજવામાં આવ્યો છે.

ભારતીય સંસ્કૃતિમાં ઉત્સવનું અનેરૂ મહત્વ છે અને તે પૈકી ગુજરાતમાં નવરાત્રીનું વિશેષ મહત્વ છે. આ નવરાત્રીની અબાલવૃદ્ધ સૌ કોઈ આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ મિત્ર મંડળ દ્વારા તેમના સભ્યો માટે આ ખાસ રાસ-ગરબા મહોત્સવ-૨૦૧૪ નું આયોજન હાથ ધર્યું છે. આ કાર્યક્રમમાં રાસ-ગરબામાં ભાગ લેવા ભારતીય ભાતીગળ સંસ્કૃતિને અનુરૂપ વસ્ત્ર પરિધાન કરવા અનુરોધ કરવામાં આયો છે.

# સોજા હાઈસ્કૂલમાં સ્વચ્છ સોજા અભિયાનની ભવ્ય ઉજવણી કરાઈ



ગાંધીનગર, તા. ૩

કલોલ તાલુકાની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ સોજાના ઉપક્રમે સ્વચ્છ સોજા અભિયાન કાર્યક્રમની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. ગાંધીજયંતીના યાદગાર દિવસે શાળાના સારસ્વતમિત્રો અધ્યેતા ભાઈ-બહેનો અને ગામના વરિષ્ઠ નાગરિકોએ સ્વચ્છ સોજા અભિયાન અંતર્ગત શાળા સંકુલ અને આસપાસના પરિસરની સુંદર સફાઈ કામગીરી કરવામાં આવી હતી.

ગામના પ્રથમ નાગરિક એવા સરપંચ મોતીભાઈ પ્રજાપતિ, કલોલ તાલુકા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર એન.એસ. મલેક, મહિલા પોલીસ કોન્સ્ટેબલ જાગૃતિબેન ચૌધરી અને હેતલબેન દેસાઈ, તાલુકા પંચાયત સદસ્ય અશ્વિનભાઈ પટેલ, વડીલશ્રી ગાંડાભાઈ પટેલ વગેરેની પ્રેરક ઉપસ્થિતિમાં બાળકોએ શાળાના વર્ગખંડો, મેદાન, પ્રયોગશાળા, ગ્રંથાલય, શૌચાલય, શિક્ષકખંડ, કાર્યાલય સહિત આસપાસના વિસ્તારોના સફાઈકામનું ભગીરથ કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું.

શાળાના ગણિત-વિજ્ઞાન શિક્ષક અને ગાંધી વિચારના ગહન અભ્યાસુ-વિદ્યાર્થી એવા રાકેશ પ્રજાપતિ 'રાહી'એ મહાત્મા ગાંધીના જીવનચરિત્ર, જીવનના પ્રેરણાદાયી પ્રસંગો અગિયાર મહાવ્રત, ગ્રામસફાઈ અને આજના યુગમાં ગાંધી વિચારની પ્રસ્તુતતા વિષે માહિતીસભર વિગતો વ્યક્ત કરી હતી. સંજયભાઈ નાયક સાહેબે રજુ કરેલ વૈષ્ણવજન તો તેને કહીએ રે... એ સૌને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સ્વચ્છ ભારત મિશન અંતર્ગત શાળાની વિવિધ સમિતિઓ રાહી ઈકો ક્લબ બાળ ઊર્જા રક્ષક દળ, રાષ્ટ્રીય સેવા યોજના, એન.એસ.એસ. યુનિટ, સ્કાઉટ ગાઈડ વગેરેના સહિયારા પ્રયત્નોથી સદર કાર્યક્રમ એકંદરે સુંદર, અભિપ્રેરક, અનુકરણીય, પ્રશંસનીય, પ્રેરમાદાયક અને પ્રોત્સાહક બની રહ્યો હતો.

# વિજવાયર સાથે ચોંટી ગયેલા પડોશીને બચાવવા જતાં યુવાનનું મોત

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર શહેરના સે. ૧૩ છાપરા ખાતે લોખંડના તારે સુકવેલા કપડા લેવા ગયેલી મહિલાને અચાનક કરંટ લાગતા ચોટી ગઈ હતી. આ દશ્ય પડોશી યુવાન જોઈ જતાં દોડીને તેણીને બચાવવા ગયો અને તે પણ ચોંટી ગયો હતો. કરંટથી ગંભીર રીતે દાઝી જવાથી યુવાનનુ મોત થયુ હતુ. જ્યારે મહિલાને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી છે.

સેક્ટર-૧૩ના છાપરામાં એક બાજુ ગરબા ચાલી રહ્યા હતા તે સમયે મધુબેન અશોકભાઈ વાઘેલા સુકવેલા કપડા તાર પરથી લઈ રહ્યા હતા તે અરસામાં લોખંડના તારમાંથી અચાનક કરંટ લાગતા મધુબેન ચોંટી ગયા હતા. તેમના પડોશમાં રહેતા ૩૮ વર્ષીય યુવાન ચિમનભાઈ મુળાભાઈ સોલંકીનું ધ્યાન ત્યાં જતાં દોડીને બચાવવા પહોંચી ગયા હતા. તેમને પણ કરંટ લાગતા બંનેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. જ્યાં મહિલાને કરંટથી બચાવવા ગયેલા યુવાનનું મૃત્યુ થયુ હતુ. સે. ૭ પોલીસે ઘટનાની જાણ થતા મૃતદેહ પીએમ કરાવી અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.



દશેરાના પાવન પર્વે શહેરના સેક્ટર-૭ ખાતે જયેશ વસાવાના નિવાસસ્થાને માતાજીના ભવ્ય યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં પરિવારના સભ્યો અને શ્રદ્ધાળુઓ હવન-યજ્ઞમાં જોડાયા હતા. ભાવિકોએ યજ્ઞમાં ઉપસ્થિત રહી પૂજા-અર્ચના અને દર્શન કરી પ્રસાદનો લાભ લીધો હતો. (તસવીર : કશ્યપ નીમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૩
સૂર્યાસ્ત : ૬.૨૩

## તાપમાન

મહત્તમ : ૩૭.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૪.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૭ ટકા ● સાંજે ૪૭ ટકા

## મનોરંજન

**સીટી પલ્સ**

: સ્ક્રીન-૧ :
બેંગ બેંગ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :
હેદર : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫

: સ્ક્રીન-૩ :
બેંગ બેંગ : ૧૧.૦૦, ૨.૦૦, ૫.૦૦, ૮.૦૦

: સ્ક્રીન-૪ :
હેદર : ૧૧.૦૦
૩ એ.એમ. : ૨.૩૦
ખૂબસૂરત : ૪.૪૫
ગોવિંદુડુ અન્ડારીવાડેલે : ૭.૦૦

: સ્ક્રીન-૫ :
બેંગ બેંગ : ૧૦.૦૦
હેદર : ૨.૧૫, ૫.૧૫, ૮.૧૫

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્ક્રીન-૧ :
બેંગ બેંગ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :
હેદર : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :
બેંગ બેંગ : ૯.૩૦, ૩.૩૦, ૯.૩૦
હેદર : ૧૨.૩૦, ૬.૩૦

## આપની આજ

**મેષ** : મનોનુકૂળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે. મિત્રો સાથે સમય પસાર થઈ શકે છે.

**વૃષભ** : આમોદ- પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. અમુકૂલ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિંતતા આવશ્યક છે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિ થઈ શકે છે.

**મિથુન** : વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે. સામાજિક સમસ્યાઓમાં સહયોગ પ્રાપ્ત કરવો પડશે. આર્થિક કાર્યો માટે વિશેષ યાત્રાઓ થઈ શકે છે.

**કર્ક** : કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે. આપે વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું હિતકારી થઈ શકશે.

**સિંહ** : આપે ધારેલા કાર્યો પૂર્ણ થઈ શકશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે. આપના દ્વારા થયેલ સંચિત ધનમાં વૃદ્ધિ થઈ શકે છે.

**કન્યા** : આજે નવા સંબંધો બંધાઈ શકે છે. સત્સંગ થઈ શકે છે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે.

**તુલા** : અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો.

**વૃશ્ચિક** : સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. નવા વાહનની ખરીદી થઈ શકે છે.

**ધન** : આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે. કોર્ટ - કચેરીના કેસોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**મકર** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યના કાર્યોમાં ગહન શોધના કાર્યો થઈ શકશે. રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે.

**કુંભ** : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું. ઉચ્ચસ્તરીયે આપને પ્રતિષ્ઠા અને માન- સમ્માન પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે. સામાજિક અને રાજકારણ ક્ષેત્રમાં માન- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે.

## ચિરવિદાય

- સ્વ. દેવેન્દ્રભાઈ મણીલાલ ભાવસાર (ઉ.વ.૫૮) ડીએફ-૭, જીઆઈડીસી, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર
- સ્વ. વિજયાબેન રમણભાઈ પટેલ (ઉ.વ.૬૯) પ્લોટ નં. ૩૨૮, સેક્ટર-૮બી, ગાંધીનગર